# ઈમરાનનાં પુત્રોનો ઈન્ટરવ્યુ પ્રસારિત થતાં PCB નારાજ

**પાકિસ્તાન** બોર્ડે લંચ પછી ખેલાડીઓને મેદાન પર ન ઉતારવાનું વિચારી લીધું હતું

**બ્રોડકાસ્ટર** સામે નોંધાવી સત્તાવાર ફરિયાદ, PTVએ ઈન્ટરવ્યુ ન દેખાડ્યું



### તેઓ તેમને જેલમાં મારી નાંખવાના પ્રયાસ કરી રહ્યા છેઃ ઈમરાનના પુત્રો

ઇન્ટરવ્યુમાં ઇમરાન ખાનના પુત્રો કા સિમ અને સુલેમાન ખાને ખૂબ જ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે જેલમાં તેમના પિતાને મારવાનો અને તેમનો અવાજ દબાવી દેવાનો ખુલ્લેઆમ પ્રયાસ થઈ રહ્યો છે. તેઓ દિવસના 23 કલાકથી વધુ સમય નાની સેલમાં વિતાવે છે અને હાલની પરિસ્થિતિ ભૂતકાળમાં જેલમાં મૃત્યુ પામેલા અન્ય રાજકીય કેદીઓ જેવી જ ખરાબ થઈ ગઈ છે. સુલેમાને જણાવ્યું કે સુપ્રીમ કોર્ટના આદેશ છતાં તેમને કોઈ ખાનગી કે તટસ્થ ડોક્ટર પાસે લઈ જવાયા નહોતા. આંખની તકલીફને કારણે તેમના મોં પર પટ્ટી હતી અને તેઓ ભારે તણાવમાં દેખાતા હતા.

કરાચી, તા. 28 (પીટીઆઈ): ઈંગ્લેન્ડ અને પાકિસ્તાન વચ્ચે લોર્ડ્સ મેદાન પર રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચ દરમિયાન એક મોટો વિવાદ થયો હતો. મેચના પ્રથમ દિવસે લંચ બ્રેક વખતે ઓફિશિયલ બ્રોડકાસ્ટર 'સ્કાઈ સ્પોર્ટ્સ' દ્વારા જેલમાં બંધ પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન અને 1992ના વર્લ્ડકપ વિજેતા કેપ્ટન ઈમરાન ખાનના બંને પુત્રોનો 18 મિનિટનો વિશેષ ઈન્ટરવ્યુ પ્રસારિત કરવામાં આવ્યો હતો. આ પ્રસારણ બાદ સ્ટેડિયમ અને સ્પોર્ટ્સ મીડિયામાં ભારે હલચલ મચી ગઈ હતી.

આ પહેલાં ચેનલે ઈન્ટરવ્યુનું ટીઝર દર્શાવ્યું હતું જેનાથી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) ભારે નારાજ થયું હતું. PCBના અધ્યક્ષ અને પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસિન નકવીએ બ્રોડકાસ્ટરને ઈન્ટરવ્યુ પ્રસારિત ન કરવા માટે અગાઉથી જણાવ્યું હતું અને વિરોધ સ્વરૂપે લંચ બ્રેક પછી પાકિસ્તાની ટીમને મેદાન પર ન ઉતારવા તથા મેચનો બહિષ્કાર કરવા સુધી વિચાર કરી લીધો હતો.

બોર્ડની ચેતવણી બાદ બ્રોડકાસ્ટર્સે ઈન્ટરવ્યૂ દેખાડવામાં વાર કરી હતી પણ આખરે આખું ઈન્ટરવ્યુ દેખાડવામાં આવ્યું હતું.

જોકે ઈન્ટરવ્યુ સમાપ્ત થાય તે પહેલાં પાકિસ્તાની ખેલાડી બીજા સત્ર માટે મેદાન પર ઉતરવાની તૈયારી કરી ચુક્યા હતા અને મેચ નિર્ધારીત કાર્યક્રમ મુજબ આગળ વધી હતી. જોકે પાકિસ્તાનમાં મેચનું પ્રસારણ કરી રહેલા સરકારી ચેનલ PTVએ આ ઈન્ટરવ્યુ દેખાડ્યો ન હતો.

પરંતુ PCBએ સ્કાઈ સ્પોર્ટ્સ સામે સત્તાવાર વિરોધ પત્ર અને ફરિયાદ નોંધાવી હતી.

ઉલ્લેખનીય છે કે આ અગાઉ ભારતના સુનિલ ગાવસ્કર અને માઈકલ અર્થટન સહિત વિશ્વના 21 ભૂતપૂર્વ ક્રિકેટ કેપ્ટનોએ પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફને પત્ર લખીને જેલમાં રહેલા 73 વર્ષીય ઈમરાન ખાનની કથળતી તંદુરસ્તી અને યોગ્ય તબીબી સારવાર અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

# પ્રજ્ઞાનાનંદા ગ્રાન્ડ ચેસ ટૂર ટાઇટલ જીતનાર પ્રથમ ભારતીય બન્યો

**ફાઇનલમાં** 6 પોઇન્ટથી પાછળ થયા બાદ શાનદાર વાપસી કરી અમેરિકાના કારુઆનાને 15-13થી હરાવ્યો



સેન્ટ લુઇસ (યુએસએ), તા. 28: ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનાનંદાએ અમેરિકાના ફેબિયાનો કારુઆનાને ગ્રાન્ડ ફાઇનલમાં હરાવી ખિતાબ જીતીને ગ્રાન્ડ ચેસ ટૂર ટાઇટલ મેળવનાર પ્રથમ ભારતીય બનીને ઇતિહાસ રચ્યો છે. અહીંના સેન્ટ લુઇસ ચેસ ક્લબ ખાતે 27 ઓગસ્ટના રોજ દિવસની શરૂઆતમાં કારુઆનાથી 6 પોઇન્ટ પાછળ રહ્યા બાદ પ્રજ્ઞાનાનંદાએ શાનદાર પુનરાગમન કર્યું હતું. ભારતીય ગ્રાન્ડમાસ્ટરે આખરે 15-13થી વિજય મેળવીને પોતાનું પ્રથમ ગ્રાન્ડ ચેસ ટૂર (GCT) ટાઇટલ જીત્યું હતું. આ જીત સાથે જ પ્રજ્ઞાનાનંદાએ આગામી વર્ષની ગ્રાન્ડ ચેસ ટૂરમાં પોતાનું સ્થાન પાક્કું કરી લીધું છે. ચેન્નઈના આ 21 વર્ષીય ખેલાડીએ બંને રેપિડ ગેમ્સ જીતીને 2 પોઇન્ટની સરસાઈ મેળવી લીધી હતી. ત્યારબાદની ચાર બ્લિટ્ઝ ગેમ્સમાં બંને ખેલાડીઓએ 1-1 મેચ જીતી હતી અને 2 મેચ ડ્રો રહી હતી. રેપિડ ગેમ્સમાં મેળવેલી 2 પોઇન્ટની સરસાઈ જ ભારતીય ખેલાડી માટે નિર્ણાયક સાબિત થઈ હતી.

## મહિલા એશિયા કપની પ્રથમ મેચમાં થાઈલેન્ડનો વિજય

દુબઈ, તા. 28: આજથી મહિલા એશિયા કપનો પ્રારંભ થયો હતો જેની પ્રથમ મેચ થાઈલેન્ડ મહિલા અને હોંગકંગ મહિલા વચ્ચે રમાઈ હતી. થાઈલેન્ડ મહિલા ટીમે આ મેચ 6 રને જીતી લીધી હતી. થાઈલેન્ડે પ્રથમ બેટિંગ કરી 9 વિકેટે 120 રન બનાવ્યા હતા જવાબમાં હોંગકોંગ મહિલા ટીમ 20 ઓવરમાં 7 વિકેટે 114 રન જ બનાવી શકી હતી.


## પશ્ચિમ રેલવે

રેલવે રિક્રૂટમેન્ટ સેલ

પાર્સલ ડેપો, અલી ભાઈ પ્રેમજી રોડ, ગ્રાન્ટ રોડ, મુંબઈ - 400007.
વેબસાઈટ: https://www.rrc-wr.com

રોજગાર નોટિસ નંબર: RRC/WR/01/2026 (સ્પોર્ટ્સ કોટા) તારીખ: 27-08-2026
વર્ષ 2026-27 માટે ઓપન એડવર્ટાઇઝમેન્ટ સ્પોર્ટ્સ કોટા હેઠળ ભરતી

1. વેસ્ટર્ન રેલવે વર્ષ 2026-27 માટે યોગ્ય રમતવીરો જેઓ ભારતના નાગરિક હોય તેમની પાસેથી સ્પોર્ટ્સ કોટા હેઠળ ગ્રુપ 'C' ની 21 જગ્યાઓ અને અગાઉના ગ્રુપ 'D' ની 43 જગ્યાઓ (આઇટમ નંબર 2 મુજબ) ભરવા માટે ઓનલાઈન અરજીઓ આમંત્રિત કરે છે. SC/ST/OBC/EWS/PwBD અને માજી સૈનિકો (Ex-SM) માટે કોઈ અનામત નથી.

સમયપત્રક

| | |
|---|---|
| ઓનલાઈન અરજી શરુ થવાની તારીખ અને સમય | 01-09-2026 ના રોજ સવારે 10.00 વાગ્યે |
| ઓનલાઈન અરજી બંધ થવાની તારીખ અને સમય | 30-09-2026 ના રોજ સાંજે 18.00 વાગ્યે |

જગ્યાઓની વહેંચણી - રમત (ડિસિપ્લિન) મુજબ

લેવલ 5/4 (7th PC)

| રમત | જગ્યાઓ |
|---|---|
| એથ્લેટિક્સ (પુરુષ) | 1 |
| જિમ્નાસ્ટિક્સ (પુરુષ) | 1 |
| હોકી (મહિલા) | 1 |
| વેઇટલિફ્ટિંગ (પુરુષ) | 1 |
| કુશ્તી (પુરુષ) ફ્રી સ્ટાઈલ | 1 |
| કુલ (Total) | 5 |

લેવલ 3/2 (7th PC)

| રમત | જગ્યાઓ |
|---|---|
| એથ્લેટિક્સ (પુરુષ) | 1 |
| એથ્લેટિક્સ (મહિલા) | 1 |
| ક્રિકેટ (પુરુષ) | 2 |
| ક્રિકેટ (મહિલા) | 2 |
| ડાઇવિંગ (પુરુષ) | 1 |
| ડાઇવિંગ (મહિલા) | 1 |
| ફૂટબોલ (પુરુષ) | 2 |
| જિમ્નાસ્ટિક્સ (પુરુષ) | 1 |
| હોકી (મહિલા) | 1 |
| પાવરલિફ્ટિંગ (મહિલા) | 1 |
| સ્વિમિંગ (પુરુષ) | 1 |
| વેઇટલિફ્ટિંગ (પુરુષ) | 1 |
| કુશ્તી (પુરુષ) ફ્રી સ્ટાઈલ | 1 |
| કુલ (Total) | 16 |

લેવલ 1 (7th PC)

| રમત | જગ્યાઓ |
|---|---|
| એથ્લેટિક્સ (પુરુષ) | 2 |
| એથ્લેટિક્સ (મહિલા) | 2 |
| બોલ બેડમિન્ટન (પુરુષ) | 4 |
| બાસ્કેટબોલ (પુરુષ) | 2 |
| બાસ્કેટબોલ (મહિલા) | 2 |
| બોક્સિંગ (પુરુષ) | 2 |
| બોક્સિંગ (મહિલા) | 2 |
| બોડી બિલ્ડિંગ (પુરુષ) | 2 |
| સાયકલિંગ (પુરુષ) | 2 |
| હોકી (પુરુષ) | 2 |
| હેન્ડબોલ (પુરુષ) | 2 |
| હેન્ડબોલ (મહિલા) | 2 |
| ખો-ખો (પુરુષ) | 4 |
| ખો-ખો (મહિલા) | 2 |
| પાવરલિફ્ટિંગ (પુરુષ) | 3 |
| સ્વિમિંગ (પુરુષ) | 1 |
| વોલીબોલ (મહિલા) | 3 |
| વોટર પોલો (પુરુષ) | 2 |
| વેઇટલિફ્ટિંગ (મહિલા) | 2 |
| કુલ (Total) | 43 |
| કુલ સરવાળો | 64 |

2. રમતગમતની સિદ્ધિઓ: ફક્ત તે જ રમતવીરો સ્પોર્ટ્સ કોટા હેઠળની જગ્યાઓ માટે અરજી કરવાને પાત્ર રહેશે જેમણે 01/04/2024 પછીની ચેમ્પિયનશિપમાં ઉપરોક્ત પાત્રતા ધોરણો પ્રાપ્ત કર્યા હોય અને સક્રિય હોય.
3. રમતોમાં ઇવેન્ટ્સ / નિપુણતા વજન કેટેગરી અને પોઝિશન વગેરેની વિગતવાર માહિતી માટે કૃપા કરીને વિગતવાર નોટિફિકેશન જુઓ.
4. તમામ રીતે પૂર્ણ થયેલી અરજીઓ 30/09/2026 ના રોજ સાંજે 18.00 વાગ્યા સુધીમાં ઓનલાઈન જમા કરવાની રહેશે.
5. વિગતવાર માહિતી/નોટિફિકેશન માટે RRC-WR ની વેબસાઈટ https://www.rrc-wr.com પર લૉગ ઇન કરો.

0532

Like us on: facebook.com/WesternRly • Follow us on twitter.com/WesternRly


# ગંભીરે સોનલ દિનુષાનાં કર્યા વખાણ

**ગંભીરે** ભારતના ખેલાડીઓની ધીરજ અને માનસિક મજબૂતીની પણ કરી પ્રશંસા

**દિનુષાએ** 4 ઇનિંગ્સમાં 420 રન બનાવ્યા હતા



કોલંબો, તા. 28 (પીટીઆઈ): ભારતના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે શ્રીલંકા સામેની 2 ટેસ્ટની સિરીઝમાં ટીમની અંત સુધી લડવાની માનસિક મજબૂતીની પ્રશંસા કરી છે. જોકે, ભારતે સિરીઝ 1-0થી જીતી હતી, ત્યારે ગંભીરએ શ્રીલંકાના બેટ્સમેન સોનલ દિનુષાના શાનદાર પ્રદર્શનની પણ ખાસ પ્રશંસા કરી હતી. ગૉલમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ભારતે યજમાન શ્રીલંકાને 165 રને હરાવ્યું હતું. જોકે, કોલંબોમાં બીજી ટેસ્ટમાં શ્રીલંકાએ જબરદસ્ત વાપસી કરી હતી. ખાસ કરીને અંતિમ ઈનિંગ્સ અને ટેસ્ટના છેલ્લા દિવસે દિનુષાએ મજબૂત પ્રતિકાર કરીને ભારતને જીતથી દૂર રાખ્યું હતું.

ભારતે શ્રીલંકાને ફોલોઑન આપ્યું હતું. ત્યારબાદ દિનુષાએ બીજી ઈનિંગ્સમાં અણનમ 133 રન બનાવી ભારતની જીતની આશા પર પાણી ફેરવી દીધું હતું. અંતિમ તબક્કામાં મહત્વની ભાગીદારીઓ કરીને તેણે શ્રીલંકાને ટેસ્ટ ડ્રો કરાવવામાં મદદ કરી હતી.

ગંભીરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ટીમની માનસિક મજબૂતીની પ્રશંસા કરતાં લખ્યું હતું કે, 'ટેસ્ટ ક્રિકેટમાં ધીરજ અને માનસિક મજબૂતીની જરૂર હોય છે અને આપણા ખેલાડીઓએ આ બાબતો દર્શાવી છે." તેણે શ્રીલંકાના સોનલ દિનુષાના પ્રદર્શનની પણ ખાસ પ્રશંસા કરતાં કહ્યું હતું, "સોનલ દિનુષા માટે ખાસ પ્રશંસા, તેના અસાધારણ પ્રદર્શન બદલ!"

દિનુષાએ શ્રીલંકાની પ્રથમ ઈનિંગ્સમાં પણ 103 રન બનાવ્યા હતા. બીજી ઈનિંગ્સમાં સદી ફટકારી દિનુષા ફોલોઑન બાદ બંને ઈનિંગ્સમાં સદી ફટકારનારો ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં માત્ર ત્રીજો ખેલાડી બન્યો હતો. દિનુષાએ 4 ઈનિંગ્સમાં કુલ 420 રન સાથે સિરીઝમાં સૌથી વધુ રન બનાવ્યા હતા.

## ન્યૂઝીલેન્ડ સિરીઝ માટે BCCIનો આકીબ નબીને કાઉન્ટીમાં રમાડવાનો પ્રયાસ

નવી દિલ્હી, તા. 28 (પીટીઆઈ): ભારતના આગામી ન્યૂઝીલેન્ડ પ્રવાસને ધ્યાનમાં રાખીને BCCI પ્રતિભાશાળી ફાસ્ટ બોલર આકીબ નબી માટે ઈંગ્લેન્ડમાં કાઉન્ટી ક્રિકેટ રમવાની વ્યવસ્થા કરવા માટે કેટલીક કાઉન્ટી ટીમો સાથે વાતચીત કરી રહ્યું છે. નબી ગયા રણજી સીઝનમાં 60 વિકેટ સાથે સૌથી વધુ વિકેટ લેનાર બોલર રહ્યો હતો. તાજેતરમાં શ્રીલંકા સામે રમાયેલી 2 ટેસ્ટની સિરીઝમાં નબી અને ગુરનૂર બરારને ટીમ સાથે લઈ જવામાં આવ્યા હતા પણ તેમને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળ્યું નહોતું.

BCCIના એક સૂત્રએ જણાવ્યું કે નબી માટે ઈંગ્લેન્ડમાં ઓછામાં ઓછી 2થી 3 રેડ-બોલ મેચ ગોઠવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ન્યૂઝીલેન્ડની પરિસ્થિતિ ઈંગ્લેન્ડથી અલગ હોવા છતાં કાઉન્ટી ક્રિકેટમાં રમવાનો અનુભવ નબી માટે ઉપયોગી રહેશે. માનવામાં આવે છે કે લંડન સ્થિત સરે કાઉન્ટી ક્લબને સ્વિંગ બોલરની જરૂર છે અને નબી કેટલી મેચ રમી શકે તે અંગે ચર્ચા ચાલી રહી છે. સરેના મહત્વના અધિકારી અને પૂર્વ ઈંગ્લેન્ડ કેપ્ટન એલેક સ્ટુઅર્ટ પણ BCCI સાથે સંબંધિત લોકો સાથે આ અંગે વાતચીત કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ, મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણને વર્કલોડને ધ્યાનમાં રાખીને બ્રેક આપવામાં આવ્યો છે. ગુરનૂર બરાર 30 નવેમ્બરથી સેન્ટર ઓફ એક્સલન્સ ખાતે સાઉથ ઝોન સામેની સેમિફાઈનલમાં નોર્થ ઝોન તરફથી દુલિપ ટ્રોફી રમશે. ભારતીય ખેલાડીઓમાં માનવ સુથાર વૉરવિકશાયર માટે 2 મેચ રમી ચૂક્યો છે, જ્યારે કુલદીપ યાદવ યોર્કશાયર માટે રેડ-બોલ મેચ રમવા ઈંગ્લેન્ડ પરત ફર્યો છે.

# મહિલા ટીમના શાનદાર પ્રદર્શન બદલ હોકી ઇન્ડિયાની 50 લાખના પુરસ્કારની જાહેરાત

**હોકી** વર્લ્ડકપની વર્ગીકરણ મેચમાં જર્મનીને 3-1થી હરાવીને મહિલા હોકીએ પાંચમું સ્થાન મેળવ્યું જે 1974 પછી ભારતનું શ્રેષ્ઠ પ્રદર્શન

નવી દિલ્હી, તા. 28 (પીટીઆઈ): મેદાન પર શાનદાર પ્રદર્શન કરનાર ભારતીય મહિલા હોકી ટીમ પર પુરસ્કારોનો વરસાદ થયો છે. હોકી ઈન્ડિયા દ્વારા એફઆઈએચ (FIH) મહિલા હોકી વર્લ્ડ કપમાં આઈકોનિક અને ઐતિહાસિક પાંચમું સ્થાન મેળવવા બદલ ભારતીય મહિલા હોકી ટીમ માટે રૂ. 50 લાખના રોકડ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે. આ પ્રસંગે હોકી ઈન્ડિયાના પ્રમુખ દિલીપ તિર્કીએ જણાવ્યું હતું કે, આ પરિણામ ખેલાડીઓની સખત મહેનત, સંઘર્ષ અને લડાયક ભાવનાનું પ્રતીક છે. આ પુરસ્કાર ખેલાડીઓને ભવિષ્યમાં પણ સારું પ્રદર્શન કરવા માટે સતત પ્રોત્સાહિત કરશે.

ઉલ્લેખનીય છે કે સેમિફાઈનલની રેસમાંથી બહાર થઈ ગયા બાદ નેધરલેન્ડ્સના એમસ્ટેલવીન ખાતે વર્ગીકરણ મેચમાં સલીમા ટેટેની આગેવાની હેઠળની ભારતીય ટીમે વિશ્વની પાંચમા નંબરની ટીમ જર્મનીને 3-1થી હરાવીને વર્લ્ડકપમાં પાંચમું સ્થાન મેળવીને ઈતિહાસ રચ્યો હતો. મેચના ત્રીજા ક્વાર્ટરમાં ભારતે આક્રમક રમત બતાવી હતી, મુખ્ય કોચ શોઅર્ડ મારીનેના માર્ગદર્શન હેઠળ રમી રહેલી ભારતીય ટીમે સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન માત્ર એક જ હારનો સામનો કર્યો હતો. જર્મની સામેની આ યાદગાર જીત સાથે જ ભારતે 1974ના પ્રથમ વર્લ્ડકપમાં ચોથું સ્થાન મેળવ્યા બાદ, છેલ્લા 52 વર્ષોમાં પોતાનું સર્વશ્રેષ્ઠ અને બીજું સૌથી સફળ પ્રદર્શન નોંધાવ્યું છે.

## પાકિસ્તાન સામે ઈંગ્લેન્ડ મજબૂત સ્થિતિમાં



લંડન, તા. 28 (એપી): લોર્ડ્સ ખાતે રમાઈ રહેલી બીજી ટેસ્ટના બીજા દિવસે ચાના વિરામ સુધીમાં ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલરોએ પાકિસ્તાનની પ્રથમ ઈનિંગને માત્ર 110 રનમાં ઓલઆઉટ કરી 180 રનની મજબૂત લીડ મેળવી લીધી હતી.

ઈંગ્લેન્ડે 180 રનની લીડ મેળવ્યા બાદ ટી-ટાઈમ પછી પોતાની બીજી ઈનિંગ શરૂ કરવાની તૈયારી કરી લીધી હતી. પાકિસ્તાનની ઈનિંગ્સમાં ઈંગ્લેન્ડના પેસ એટેકે તબાહી મચાવી હતી. ઓલી રોબિન્સને 13 ઓવરમાં 6 મેડન સાથે માત્ર 11 રન આપી 4 વિકેટ ઝડપી હતી, જ્યારે જોફ્રા આર્ચરે 26 રનમાં 3 વિકેટ અને જોશ ટંગે 2 વિકેટ મેળવી હતી. પાકિસ્તાન તરફથી માત્ર યુવા ઓપનર અઝાન અવૈસે એકલા હાથે લડત આપતા 102 બોલમાં 46 રન બનાવ્યા હતા. સુકાની બાબર આઝમ (૧૬) અને સઉદ શકીલ (૧૬) સિવાય અન્ય કોઈ બેટ્સમેન ટકી શક્યો નહોતો. ઓપનર ઈમામ-ઉલ-હક ઈજાના કારણે બેટિંગ કરવા આવી શક્યો નહોતો, જેથી ૯ વિકેટ પડતાં જ પાકિસ્તાન ૩૭.૨ ઓવરમાં ૧૧૦ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.

ગઈકાલે પ્રથમ દિવસના અંતે ઈંગ્લેન્ડે 9 વિકેટે 248 રન બનાવ્યા હતા. આજે બીજા દિવસે સવારે ઈંગ્લેન્ડની પ્રથમ ઈનિંગ 290 રનના સ્કોર પર સમેટાઈ ગઈ હતી.


## રેપકો હોમ ફાઇનાન્સ લિમિટેડ

સુરત શાખાઃ પ્લોટ નં. ૬૬૮ B અને ૬૬૮ C, ૧લો માળ, વામા હાઉસ, રિંગ રોડ, ઉધના દરવાજા, સુરત, ગુજરાત - ૩૯૫૦૦૨.

ઈ-હરાજી વેચાણ નોટિસ

સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ રેપકો હોમ ફાઇનાન્સ લિમિટેડ પાસે ગીરો મુકેલી સ્થાવર મિલકતોનું વેચાણ.

આથી દેવાદાર/લોનધારકઃ શ્રી મહેન્દ્ર નંદલાલ મહાતો (પિતાઃ નંદલાલ મહાતો), સહ-દેવાદાર ૧ઃ શ્રીમતી તારામાતદેવી મહેન્દ્ર મહાતો (પતિઃ શ્રી મહેન્દ્ર નંદલાલ મહાતો) અને જામીનદાર/ગેરેંટરઃ શ્રી જયપ્રકાશ મહાતો એ નીચે દર્શાવેલ શિડ્યુલમાં વિગતવાર વર્ણવેલ સ્થાવર મિલકત ગીરો મૂકીને રેપકો હોમ ફાઇનાન્સ લિમિટેડ, સુરત શાખા પાસેથી નાણાં ઉધાર લીધા છે. લોનધારકો લોનની રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી, કંપનીએ સરફેસી એક્ટ (SARFAESI Act), ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ તારીખ ૧૮.૦૭.૨૦૨૪ ના રોજ ડિમાન્ડ નોટિસ આપેલી હતી. જેમાં લોન ખાતા નંબર ૨૦૧૧૮૭૦૦૦૧૦૬૨ ની રકમ રૂ. ૧૦,૯૬,૭૨૯/- તથા ૧૦.૦૭.૨૦૨૪ થી ચડતા વ્યાજ, ખર્ચ અને અન્ય લાગત રકમ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં ચૂકવવા માટે જણાવાયું હતું. ડિમાન્ડ નોટિસમાં જણાવ્યા મુજબ દેવાદાર, સહ-દેવાદાર અને જામીનદાર કંપનીને બાકી રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી, કંપનીએ આ એક્ટની કલમ ૧૩(૪) હેઠળ તારીખ ૧૨.૧૧.૨૦૨૪ ના રોજ કબજા નોટિસ (Possession Notice) આપીને નીચે દર્શાવેલ સિક્યોર્ડ એસેટનો કબજો લીધો છે. દેવાદારો બાકી લેણી રકમ સંપૂર્ણપણે ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, સિક્યોર્ડ ક્રેડિટર, રેપકો હોમ ફાઇનાન્સ લિમિટેડે કંપનીનું લેણું વસૂલ કરવા માટે કલમ ૧૩(૪) અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૮ અને ૯ સાથે વાંચતા, નીચે જણાવેલ સિક્યોર્ડ એસેટનું વેચાણ "જે સ્થિતિમાં છે ત્યાં અને જેવી સ્થિતિમાં છે"ના ધોરણે કરવાનો નિર્ણય લીધો છે. લોન ખાતા નંબર ૨૦૧૧૮૭૦૦૦૧૦૬૨ ની બાકી લેણી રકમ તારીખ ૧૮.૦૮.૨૦૨૬ ના રોજ રૂ. ૧૩,૬૮,૬૨૩/- થાય છે.

ઈ-હરાજીની તારીખ / સમયઃ ૦૬.૧૦.૨૦૨૬, સવારે ૧૧.૦૦ થી બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી (૫ મિનિટના અનલિમિટેડ ઓટો-એક્સ્ટેન્શન સાથે)

ઈ-ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમયઃ ૦૫.૧૦.૨૦૨૬, સાંજે ૦૪.૦૦ વાગ્યા સુધી

મિલકતનું વર્ણનઃ જિલ્લો સુરત, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો કામરેજ, મોજે ગામ હલધરુની જમીન કે જેનો નવો બ્લોક નં. ૧૬૩/B (રી-સર્વે પછી, જૂનો બ્લોક નં. ૧૫૧, રેવન્યુ સર્વે નં. ૧૩૦) જેનું ક્ષેત્રફળ ૧૦૩૧૪.૦૦ ચો.મીટર છે, તેના પર આવેલ "રાધે રેસીડેન્સી" માં પ્લોટ નં. ૪૨ જેનું ક્ષેત્રફળ ૬૬.૬૮ ચો.વાર તથા KJP મુજબ બ્લોક નં. ૧૬૩/B/૪૨ જેનું ક્ષેત્રફળ ૫૫.૭૫ ચો.મીટર તથા રસ્તા અને COP નો અવિભાજિત પ્રમાણસર હિસ્સો જેનું ક્ષેત્રફળ ૩૭.૪૮ ચો.મીટર વાળી સમગ્ર મિલકત. ઉક્ત પ્લોટની ચતુર્સીમા નીચે મુજબ છેઃ પૂર્વઃ પ્લોટ નં. ૭૫ પશ્ચિમઃ સોસાયટીનો આંતરિક રસ્તો ઉત્તરઃ પ્લોટ નં. ૪૧ દક્ષિણઃ સોસાયટીનો આંતરિક રસ્તો.

અનામત કિંમત ₹ 16,90,000/- | EMD (રિઝર્વ પ્રાઇઝના ૧૦%) ₹ 1,69,000/- | ઓછામાં ઓછી બોલી વધારા રકમ ₹ 10,000/-

ઈ-હરાજીની પ્રક્રિયા માટે સંપર્ક કરોઃ મેસર્સ સીઆઈ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, શ્રી પ્રભાકરન - ૭૪૧૮૨૮૧૭૦૯. મિલકતનું નિરીક્ષણ કરવા માટેઃ ઇચ્છુક બોલીદાતાઓ તમામ કામકાજના દિવસોમાં સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા દરમિયાન બ્રાન્ચ હેડ, રેપકો હોમ ફાઇનાન્સ લિમિટેડ, સુરત શાખાનો સંપર્ક કરી શકે છે. સંપર્ક નંબરઃ ૦૨૬૧-૨૩૬૯૫૦૫ અને ૯૯૭૮૯૭૮૩૭૩.

તારીખઃ ૧૯.૦૮.૨૦૨૬ — અધિકૃત અધિકારી, રેપકો હોમ ફાઇનાન્સ લિમિટેડ


## ડાયમંડ લીગ ફાઇનલ્સમાં નીરજ ચોપરા ક્વોલિફાય

નવી દિલ્હી, તા. 28: ભારતના સ્ટાર ભાલાફેંક ખેલાડી નીરજ ચોપરાએ માત્ર બે ડાયમંડ લીગ સ્પર્ધામાં ભાગ લીધો હોવા છતાં 5 સપ્ટેમ્બરના રોજ બ્રસેલ્સ ખાતે યોજાનારી ડાયમંડ લીગ ફાઇનલ્સ માટે ક્વોલિફાય કરી લીધું છે.28 વર્ષીય નીરજ ચોપરાએ 19 જૂને દોહા અને 21 ઓગસ્ટે લોસાન ડાયમંડ લીગમાં બીજું સ્થાન મેળવીને 12 પોઇન્ટ સાથે ગ્રાન્ડ ફાઇનલમાં સ્થાન મેળવ્યું છે. કમરની ઇજામાંથી પુનરાગમન કરી રહેલા નીરજે ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં 85.83 મીટરના થ્રો સાથે સિલ્વર મેડલ અને ત્યારબાદ લોસાન ડાયમંડ લીગમાં 88.05 મીટરનો શ્રેષ્ઠ થ્રો કર્યો હતો. આ વર્ષની 5 ડાયમંડ લીગ જેવલિન સ્પર્ધાઓમાં શ્રીલંકાનો રાઇઝિંગ સ્ટાર રૂમેશ પથિરાગે 39 પોઇન્ટ સાથે ટોચના સ્થાને રહ્યો છે. તેણે ઝ્યુરિચ ખાતે 92.07 મીટરના શાનદાર થ્રો સાથે જીત મેળવી હતી. ડાયમંડ લીગ ફાઇનલ્સ ઉપરાંત નીરજ ચોપરા 11થી 13 સપ્ટેમ્બર દરમિયાન બુડાપેસ્ટ ખાતે યોજાનારી પ્રથમ 'વર્લ્ડ એથ્લેટિક્સ અલ્ટીમેટ ચેમ્પિયનશિપ' માટે ક્વોલિફાય થવાની રેસમાં પણ આગળ છે. જેમાં મેન્સ જેવલિન થ્રો ઇવેન્ટમાં 8 ખેલાડીઓ વચ્ચે મુકાબલો થશે અને નીરજ હાલમાં 7મા ક્રમે છે.

# દક્ષિણ આફ્રિકા ફરી નામીબિયા સામે હાર્યું

નવી દિલ્હી, તા. 28: વિન્ડહોક ખાતે રમાઈ રહેલી ટી20 ટ્રાઈ-સિરીઝના પ્રથમ રોમાંચક મુકાબલામાં નામીબિયાએ દક્ષિણ આફ્રિકાને હરાવીને ટી-20 ઈન્ટરનેશનલમાં તેની સામે પોતાનો અજેય રેકોર્ડ જાળવી રાખ્યો છે.

પ્રથમ બેટિંગ કરતા નામીબિયાએ જાન ફ્રાયલિંકની અડધી સદી તથા ઓપનિંગ જોડીની 84 રનની મજબૂત ભાગીદારીની મદદથી 163 રન બનાવ્યા હતા. સાઉથ આફ્રિકા તરફથી પ્રેનેલન સુબ્રાયને 3 અને બ્યોર્ન ફોર્ટુઈને 2 વિકેટ ઝડપીને નામીબિયાના મિડલ ઓર્ડરને ધ્વસ્ત કર્યું હતું.

164 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી સાઉથ આફ્રિકન ટીમ 20 ઓવરમાં 145 રન જ બનાવી શકી હતી. નામીબિયાના બોલરોએ ચોક્કસ લાઈન-લેન્થથી બોલિંગ કરીને 39 રનમાં જ ટોપ-3 બેટ્સમેનોને પેવેલિયન ભેગા કરી દીધા હતા. 'બેબી એબી' તરીકે ઓળખાતા ડેવાલ્ડ બ્રેવિસે 50 બોલમાં 75 રનની આક્રમક પારી રમીને એકલા હાથે લડત આપી હતી. પરંતુ રુબેન ટ્રમ્પેલમેને તેને આઉટ કરીને મેચ નામીબિયા તરફ વાળી દીધી હતી.

અંતિમ ઓવરોમાં કેપ્ટન ગેરહાર્ડ ઈરાસ્મસ અને જેજે સ્મિટે ઘાતક બોલિંગ કરી નામીબિયાને ઐતિહાસિક જીત અપાવી હતી.

## સુડોકુ ૬૬૬૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | ૮ | ૬ | | | | | ૨ |
| ૨ | | | ૫ | | ૭ | ૮ | | |
| ૯ | | | | ૪ | | | ૩ | ૬ |
| ૮ | ૨ | ૭ | ૯ | | ૬ | ૩ | | ૧ |
| | | ૫ | ૭ | ૧ | | ૨ | | |
| ૧ | ૪ | | | | | ૬ | ૭ | ૫ |
| ૪ | ૯ | | | ૮ | ૫ | | ૬ | ૭ |
| ૫ | | | | | | | | ૩ |
| | ૮ | ૩ | | ૬ | | | ૨ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ઉદર-શૂળ

બને ત્યાં સુધી માતાનું દૂધ આપવું અને માતાએ ખોરાકની શિસ્ત જાળવવી જોઈએ. બાળકને પેટમાં પીડા થાય તો લીંબુ અડધું કાપી તે પર ડીકામાલી ચૂર્ણ ભરી, ચીપીઆ વડે પકડી અગ્નિ પર ગરમ કરી, તેનો રસ નિચોવી, મધ નાંખી બાળકને ચટાડો.

## યુરોપિયન રાઉન્ડઅપઃ સ્પેનિશ લીગમાં બાર્સેલોનાની 2-0થી શાનદાર જીત

મેડ્રીડ, તા. 28 (એપી): સ્પેનિશ ફૂટબોલ લીગ 'લા લીગા'માં એથ્લેટિક બિલબાઓ સામે બાર્સેલોનાની 2-0થી થયેલી જીત દરમિયાન રોડ્રિએ ટીમ વતી ડેબ્યૂ કર્યું હતું. મેનચેસ્ટર સિટીમાંથી બાર્સેલોનામાં જોડાનાર રોડ્રિ 62મી મિનિટે સબસ્ટિટ્યૂટ તરીકે મેદાનમાં આવ્યો હતો. મેચમાં રાફિન્હા અને ફેર્મિન લોપેઝે ગોલ કરીને બાર્સેલોનાને જીત અપાવી હતી. લા લીગાની અન્ય મેચમાં ઓસાસુનાએ સેલ્ટા વિગોને 2-1 થી હરાવ્યું હતું. બીજી તરફ, ઈંગ્લિશ લીગ કપ'ના બીજા રાઉન્ડમાં ડેની વેલબેકના ગોલ અને ઓન-ગોલની મદદથી ચેલસીએ થર્ડ ડિવિઝનની લ્યુટોન ટીમને 2-0થી પરાજય આપ્યો હતો. મેન સિટીમાં ટ્રાન્સફરની ચર્ચા વચ્ચે એન્ઝો ફર્નાન્ડીઝ ચેલસીની ટીમમાં નહોતો. જ્યારે લીગ કપની જ અન્ય મેચમાં ફુલ્હામે વિમ્બલડનને 3-0થી હરાવીને કોચ અલ્વારો અર્બેલોઆના માર્ગદર્શન હેઠળ પોતાની પ્રથમ જીત નોંધાવી હતી. આ ઉપરાંત, 'યુરોપા લીગ'ના સેકન્ડ લેગમાં મહોમ્મદ સાલાહની ટીમ ટ્રાબ્ઝોનસ્પોરને ફેરેન્કવેરોસ સામે 4-0થી હાર મળતા તે ટૂર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગઈ હતી. યુરોપા લીગની જ અન્ય મેચમાં પોર્ટુગલના બેનફિકાએ ડેનિશ ટીમ AGFને 3-1થી હરાવી એગ્રીગેટ 6-2થી આગળના રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. જ્યારે 'કોન્ફરન્સ લીગ પ્લેઓફ'માં રેંજર્સને જેબ્લોનેક સામે પેનલ્ટી શૂટઆઉટમાં હારનો સામનો કરવો પડ્યો હતો.

## આજનું પંચાંગ

**તા. 29/08/2026, શનિવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીર સંવત** : 2552 **માસ** : શ્રાવણ
**તિથિ:** વદ:પુરશ્ચરણ એકમ:9:58-અશ્વત્ય મારુતિ પૂજન
**અયન** : દક્ષિણાયન **ઋતુ** : શરદ
**રાષ્ટ્રિય દિનાંક** : ભાદરવા: 07
**યોગ** : સુકર્મા **કરણ:** તૈતિલ
**નક્ષત્ર** : પૂ.ભા.: 27:43
**રાશિ:** કુંભ (ગ,સ,શ,ષ) 21:38 પછી મીન (દ.ચ.ઝ.થ)
**દિવસ** : અશુભ - ગાયત્રી પુરશ્ચરણ પ્રારંભ : હિંડોળા સમાપ્ત
**સુરતમાં સૂર્યોદય:** 06:22 **સુરતમાં સૂર્યાસ્ત** :18:57
**નવકારસી** : 07:10
**પારસી વર્ષ** : 1396 ફરવરદીન માસનો 15મો રોજ
**મુસલમાન વર્ષ** : 1448 રબિઉલ અવલ માસનો 15મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુકાળ** : સવારે: 09:30 થી 11:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** વિવાદથી બચવું. મિત્રો સાથે મનોરંજન થાય. પ્રેમમાં ગેરસમજ થાય. સંતાન ચિંતા સતાવે.

**વૃષભ (બ,વ,ઉ,):** રોજગારીની નવી તકો ઊભી થાય. સમાજમાં અશાંતિ પેદા થાય. ધંધામાં આવક વધે.

**મિથુન (ક,છ,ઘ,):** ધાર્મિક પ્રવાસનું આયોજન થાય. ઉચ્ચ શિક્ષણમાં મદદ મળે. વિદેશના કામમા પ્રગતિ થાય.

**કર્ક (ડ,હ,):** પડવા વાગવાથી સાવધાન. નોકર-ચાકરના પ્રશ્નો સતાવે. સરકારી કામમાં ધીરજ રાખવી.

**સિંહ (મ,ટ,):** ભાગીદારી, દાંપત્ય અને સામાજિક બાબતોના પ્રશ્નો પરેશાની વધારશે. કોઇની મદદ મળશે.

**કન્યા (પ,ઠ,ણ,):** આરોગ્ય અને માનસિક બાબતે પરેશાની વધે. નોકરીમાં જવાબદારી વધે. ખર્ચા વધશે.

**તુલા (ર,ત,):** અભ્યાસ અને પરીક્ષામાં સાવધાની રાખવી. મિત્રો સાથે વિવાદથી બચવું. પ્રેમમાં ગેરસમજ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** બહારના કામનો બોજ વધે. ઘરમાં અશાંતિ પેદા થાય. પ્રવાસમાં ધીરજ રાખવી.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** વધુ પડતા આત્મવિશ્વાસમાં ભુલ થવાની શક્યતા રહે. અચાનક નવી તક મળી શકે છે.

**મકર (ખ,જ,):** વાણી પર બાકુ રાખવો. પારિવારિક પ્રશ્નો સતાવે. ઉઘરાણીની ચિંતા સતાવે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** પ્રવાસમાં અશાંતિ વધે. ઘરના કામની ચિંતા વધે. નોકરીમાં કામનો બોજ વધે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ગુપ્તમય સતાવે. સંતાન ચિંતા રહે. ખર્ચા વધે. ધાર્મિક પ્રવાસ થાય

## કોઈ પણ સાલમાં 29 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ પ્રગતિ સાથે નવી જવાબદારી અને નવા ફેરફારવાળુ રહે. સમાજમાં માન વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. નોકરી-ધંધામાં ટેકનોલોજીનો લાભ મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવી શકે છે. આરોગ્ય સામાન્ય રહે. સંતાનોના અભ્યાસ કેરીયરમા અનુકૂળતા રહે. ઉંમર લાયકના વિવાહ થાય. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. પ્રેમ વિવાહની યોજનામાં મદદ મળે. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. આવક વધારવાની યોજનામાં ચડતી પડતી રહે. જમીન, વારસા, જાયદાદ જેવા કામમાં મિત્રો-વડીલોની મદદ મળે. સરકારી નોકરીની યોજનામાં પ્રગતિ થાય. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઇ, સોમ-ગુરુવાર 2,11,20,29 તારીખે નવા કામ કરવા. સફેદ, ક્રીમ રંગનો ઉપયોગ વધારવો. જાન્યુઆરી-ફેબ્રુઆરી, મંગળ-બુધવાર 5,08, તારીખે નવા કામ ટાળવા. લીલા, કાળ, નીલા રંગનો ઉપયોગ ટાળવા. ચંદ્રના ઉપાય કરતા રહેવું.


## SBI | સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા

અધિકૃત અધિકારીની વિગતોઃ નામઃ આરતી સમીર ઉલે મોબાઇલ નં.: 9833437948 | લેન્ડલાઇન નં. (ઓફિસ): (022) 4161 1402

શાખાઃ સ્ટ્રેસ્ડ એસેટ્સ મેનેજમેન્ટ શાખા-II, રાહેજા ચેમ્બર્સ, ગ્રાઉન્ડ ફ્લોર, વિંગ-બી, ફ્રી પ્રેસ જર્નલ માર્ગ, નરીમન પોઇન્ટ, મુંબઈ-400 021. ટેલિ. નં. (022) 4161 1403, ફેક્સ નં. 022 22811403; ઈ-મેઈલ આઈડીઃ sbi.15859@sbi.co.in

પરિશિષ્ટ - IV - A [નિયમ 8(6) ની જોગવાઈ જુઓ] સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણની નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 ની કલમ 13(4) હેઠળ તથા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8(6) ની જોગવાઈ સાથે વંચાણે લેતાં સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના અધિકૃત અધિકારી તરીકે અધોહસ્તાક્ષરકર્તાએ ફેસી એક્ટની કલમ 13(4) હેઠળ નીચે દર્શાવેલ મિલકત/મિલકતોનો કબજો સંભાળી લીધો છે. જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે બેંકના લેણાંની વસૂલાત માટે નીચે દર્શાવેલ કિસ્સાઓમાં બોજ હેઠળની મિલકત/મિલકતોનું ઈ-રાજી (સરફેસી એક્ટ, 2002 હેઠળ) "જે છે જ્યાં છે, જેવું છે જે સ્થિતિમાં છે અને જે કંઈ પણ છે" ધોરણે અને અત્રે દર્શાવેલ શરતો અને નિયમો અનુસાર યોજવામાં આવશે.

| દેવાદાર(રો)નું નામ | જામીનદાર(રો)નું નામ | વસૂલાત માટેનું બાકી લેણું જેના માટે મિલકત/ઓ વેચાઈ રહી છે |
|---|---|---|
| મેસર્સ એનર્જેટિક ગ્લોબટેક્સ કંપની પ્રાઇવેટ લિમિટેડ, સી-7 અને સી-8, ઉમિયા નગર સોસાયટી, ચોક્સી મિલ પાસે, ઉધના મગદલ્લા રોડ, સુરત, ગુજરાત-395 017. | વ્યક્તિગત જામીનદારોઃ 1. શ્રી સંજય રામજીદાસ જુનેજા 2. શ્રી પ્રમોદ અર્જુન ઠાકુર 3. શ્રી નિકુંજ રમેશ કાપડિયા 4. શ્રી રમેશચંદ્ર એચ. ગેટોરવાળા | રૂ. 11,04,00,579.26 + તે તારીખ સુધીનું કરાર આધારિત દરે વ્યાજ + ખર્ચ અને પડતર. (જો કોઈ રોકડ વસૂલાત થઈ હોય તો તે બાદ કરીને) (તારીખ 08.05.2018 ની 13(2) નોટિસ મુજબ બાકી લેણું) |

| એકમનું નામ | મિલકત/ઓનું વર્ણન | ઈ-રાજીની તારીખ અને સમય | | મિલકત નિરીક્ષણની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| મેસર્સ એનર્જેટિક ગ્લોબટેક્સ કંપની પ્રાઇવેટ લિમિટેડ | શ્રી રમેશચંદ્ર એચ. ગટોરવાળાના નામે પ્લોટ નં. 7 અને 8, સી બ્લોક, ઉમિયા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઉમિયા નગર, ગામઃ ખટોદરા, તાલુકોઃ ચોર્યાસી, સુરત-395 002 ખાતે આવેલ કોમર્શિયલ ઓફિસ સહ ગોડાઉન. | તારીખઃ 17.09.2026 સમયઃ સવારે 11.00 થી સાંજે 04.00 વાગ્યા સુધી (દરેક 10 મિનિટના અમર્યાદિત વિસ્તારણ સાથે) | અનામત કિંમતઃ રૂ. 1.98 કરોડ (જેની નીચે મિલકત વેચવામાં આવશે નહીં); અનામત ડિપોઝિટ (EMD): અનામત કિંમતના 10% એટલે કે રૂ. 19,80,000/-; બોલી વધારાની રકમઃ રૂ. 1,00,000/- | તારીખઃ 10.09.2026 સમયઃ સવારે 11.00 થી બપોરે 2.00 વાગ્યા સુધી સંપર્ક વ્યક્તિઃ આરતી ઉલે મોબાઈલ નં.: 9833437948 |

ભાગીદારી માટેની વિનંતી પત્ર / KYC દસ્તાવેજો / EMD નો પુરાવો વગેરે સબમિટ કરવાની તારીખ અને સમયઃ તારીખ 17.09.2026 ના રોજ સવારે 11.00 વાગ્યા પહેલા અથવા તે પહેલાં.

*ધ્યાન આપોઃ એ નોંધવું જોઈએ કે, આ ઈ-હરાજી "જે છે જ્યાં છે, જેવું છે જે સ્થિતિમાં છે અને જે કંઈ પણ છે" ના ધોરણે યોજવામાં આવી રહી છે. મિલકત બેંકને જાણ અથવા અજાણ હોય તેવા તમામ હાલના અને ભવિષ્યના બોજા/બોજ સાથે વેચવામાં આવી રહી છે. અધિકૃત અધિકારી / સિક્યોર્ડ ક્રેડિટર કોઈપણ તૃતીય પક્ષના દાવા/હક્કો/લેણાં માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.

વેચાણ સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ નિર્ધારિત નિયમો / શરતોને આધીન રહેશે. દેવાદારો / જામીનદારોને આથી નોટિસ આપવામાં આવે છે કે મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ (જો કોઈ હોય તો) તમારી પાસેથી વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે.

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને સિક્યોર્ડ ક્રેડિટર, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની વેબસાઇટ્સ પર આપવામાં આવેલ લિંક જુઓઃ www.sbi.co.in અને https://baanknet.com

સરફેસી એક્ટના નિયમ 8(6) હેઠળ વૈધાનિક નોટિસઃ ઉપર દર્શાવેલ તારીખે ગીરો મિલકતોના વેચાણ માટે હરાજી યોજવા અંગે આ સરફેસી એક્ટ 2002 ના નિયમ 8(6) હેઠળ દર્શાવેલ લોનના દેવાદાર/જામીનદારને પણ નોટિસ છે.

| બેંક વેબસાઇટઃ www.sbi.co.in | ઈ-હરાજી વેબસાઇટ | પ્રોપર્ટી આઈડી : SBIN80112202029 | મિલકત સ્થળ |
|---|---|---|---|
| | | SBIN80112202029 | |

તારીખઃ 27.08.2026 — સહી/-
સ્થળઃ મુંબઈ — અધિકૃત અધિકારી, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા

"બોલી લગાવનારાઓને તેમના પોતાના હિતમાં સલાહ આપવામાં આવે છે કે તેઓ પ્રશ્ન હેઠળની સ્થાવર ગીરો મિલકતોના કદ/ક્ષેત્રફળ સહિત સ્થાવર ગીરો મિલકતોને લગતા શીર્ષક અને અન્ય વિગતોની ચોકસાઈ કરી લે. બોલી સબમિટ કરતા પહેલાં તેઓએ સંબંધિત અધિકારીઓ પાસેથી મિલકતના સંબંધમાં અન્ય કોઈપણ લેણાં / જવાબદારીઓ / બોજા વિશે સ્વતંત્ર રીતે તેમની સંતોષ મુજબ ખાતરી કરવાની રહેશે. અધિકૃત અધિકારી દ્વારા જે બોલીદાતાની બોલી સ્વીકારવામાં આવે છે તે બોલીદાતા માટે કદ / ક્ષેત્રફળમાં તફાવત, શીર્ષકમાં ખામી, બોજ, મુકદ્મા અથવા અન્ય કોઈપણ કારણોસર પોતાની બોલી પાછી ખેંચવાનો વિકલ્પ રહેશે નહીં."